હિમાચલમાં એક તબક્કામાં ૪થી નવેમ્બરે મતદાન

નવી દિલ્હી,તા.૩

હિમાચલ પ્રદેશમાં આ વખતે પણ એક જ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. હિમાચલમાં ૬૮ બેઠકો માટે ૪ થી નવેમ્બરના દિવસે મતદાન થશે. હિમાચલમાં ૪૫ લાખ થી વધુ મતદારો માટે ૭ હજાર મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે. તમામ જગ્યાએ મતદાનના દિવસે સમગ્ર પ્રક્રિયાની વીડિયોગ્રાફી કરવામાં આવશે. હિમાચલમાં વિધાનસભાની અવધિ આગામી વર્ષે ૧૦મી જાન્યુઆરીના દિવસે પરિપૂર્ણ થશે. આજે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરતી વેળા ચૂંટણી પંચે તમામ બાબતો ઉપર ધ્યાન અપાયું હોવાની ખાતરી આપી હતી. આચાર સંહિતા તાત્કાલિક ધોરણે અમલી બનાવાયા બાદ હવે કોઈપણ રીતે પોલીસી નિર્ણયોની જાહેરાત કરી શકાશે નહીં. હિમાચલમાં કાર્યક્રમની જાહેરાત થવાની સાથે જ ચૂંટણી તૈયારીઓમાં રાજકીય પક્ષો લાગી ગયા છે. હિમાચલ માટેનો ચૂંટણી કાર્યક્રમ નીચે મુજબ છે.

- ૧૦મી ઓક્ટોબરના દિવસે જાહેરનામુ જારી કરવામાં આવશે
- ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૧૭મી ઓક્ટોબર ૨૦૧૨ રહેશે
- ૧૮ ઓક્ટોબરના દિવસે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરવામાં આવશે
- ૨૦મી ઓક્ટોબરના દિવસે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ હશે
- ચોથી નવેમ્બરના દિવસે એક જ તબક્કામાં મતદાન થશે
- ૨૦મી ડિસેમ્બરના દિવસે હિમાચલમાં મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાશે
- ૨૪મી ડિસેમ્બર ૨૦૧૨ પહેલા ચૂંટણી પ્રક્રિયાને પૂર્ણ કરવી પડશે
- હિમાલચપ્રદેશમાં વિધાનસભાની કુલ ૬૮ બેઠકો છે
- હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની વધિ આગામી વર્ષે ૧૦મી જાન્યુઆરીના દિવસે પૂર્ણ કરાશે
- હિમાચલપ્રદેશમાં ૪૫ લાખતી વધારે મતદારો છે
- હિમાચલ પ્રદેશમાં મતદાન માટે ૭૦૦૦ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવશે
- વિરોધીઓના પ્રહારોની કોઈ અસર નથી

બિહારમાં ચૂંટણી પહેલાં નવા જ સમીકરણોના સ્પષ્ટ સંકેત

નવી દિલ્હી, તા.૩

બિહારમાં જેડીયુ અને ભાજપ ગઠબંધન પર સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. આ ગઠબંધન હવે વધારે ટકે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે તેવા સમયમાં હવે કોંગ્રેસ પણ પરિસ્થિતિનો લાભ લેવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પક્ષના પ્રવક્તા મનીષ તિવારીએ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું છે કે મુખ્યમંત્રી નીતિશ કુમાર સાથે કામ કરવામાં કોઈપણ વાંધો નથી. જો ભાજપ સાથે જેડીયુના સંબંધો તૂટી પડશે તો કોંગ્રેસ જેડીયુ સાથે જોડાણ કરવા વિચારણા કરી શકે છે. મનીષ તિવારીએ કહ્યું હતું કે જેડીયુ દ્વારા જે કાંઈ પણ પગલાં લેવામાં આવી રહ્યા છે તે દેખીતા છે. એવું સ્પષ્ટ લાગી રહ્યું છે કે તે ભાજપના બોજને ઉપાડીને આગળ વધે છે. આ બોજ વચ્ચે તેમની વચ્ચે ગઠબંધન હવે વધુ ખેંચાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. નીતિશ કુમારને કોંગ્રેસ એક બિન સાંપ્રદાયિક નેતા તરીકે ગણા છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે બિનસાંપ્રદાયિક વાતનું પ્રમાણપત્ર તેઓ આપતા નથી. સાથે સાથે તેમણે કહ્યું હતું કે કોમવાદી પરિબળો સાથે જોડાણ કરવા ઇચ્છતા લોકોને આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે. કારણ કે આનાથી બિનસાંપ્રદાયિક વાદના હિતોને નુકસાન થશે. તિવારીનું સૂચન એવા સમયે આવ્યું છે જ્યારે બિહાર ભાજપના વડા સી પી ઠાકુરે ગઈકાલે જ એવું નિવેદન કર્યું હતું કે તેમની પાર્ટી વર્ષ ૨૦૧૪માં રાજ્યસભામાં લોકસભાની તમામ ૪૦ બેઠકો ઉપર એકલા હાથે ચૂંટણી લડવા ઇચ્છે છે જેથી જેડીયુ સાથેના સંબંધો પર સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. જો કે ઠાકુરે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે જેડીયુ ગઠબંધનમાંથી નીકળશે નહીં. હાલમાં જેડીયુ અને ભાજપ વચ્ચેના સંબંધો ખૂબ જ તંગ બની ગયા છે. આગામી સામાન્ય ચૂંટણીમાં કોઈ નવા સમીકરણો રચાય તેવી પણ શક્યતા દેખાઈ રહી છે. બિહારના રાજકારણમાં મોટા ફેરફાર થઈ શકે છે.

ઓઈલ માર્કેટિંગ કંપનીઓને પેટ્રોલ પર લિટર દીઠ રૂપિયા બેનો નફો

મુંબઈ, તા.૩

વૈશ્વિક ક્રૂડની કિંમતમાં ઘટાડો થયા બાદ ઓઈલ માર્કેટિંગ કંપનીઓને પેટ્રોલ પર લિટર દીઠ રૂપિયા બેનો નફો થઈ રહ્યો છે પરંતુ ઓઈલ કંપનીઓ પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરી રહી નથી. ક્રૂડની કિંમતો ઘટી છે. સાથે સાથે રૂપિયો મજબૂત બન્યો છે છતાં કોઈ રાહત મળી રહી નથી જેના કારણે સામાન્ય લોકો પરેશાન થયેલા છે. મળેલી માહિતી મુજબ ઓઈલ કંપનીઓને ૧૬મી સપ્ટેમ્બર બાદથી લિટર દીઠ રૂપિયા બેનો નફો થઈ રહ્યો છે પરંતુ આ નફો હાલમાં ઓઈલ માર્કેટીંગ કંપનીઓ લઈ રહી છે. સામાન્ય લોકોને રાહત અપાઈ રહી નથી. ઈન્ડિયન ઓઈલના ચેરમેન આર એસ બુટોલા દ્વારા આપવામાં આવેલા અંદાજના આધાર ઉપર આ ગણતરી કરવામાં આવી છે. તેમનું કહેવું છે કે ડૉલર સામે દરેક રૂપિયામાં તેજીથી પેટ્રોલની કિંમતમાં ૭૭ પૈસા સુધીનો ઘટાડો થાય છે. જ્યારે ક્રૂડ ઓઈલની કિંમતમાં એક ડૉલરનો ઘટાડો થાય તો પેટ્રોલની કિંમતમાં ૩૩ પૈસાનો ઘટાડો થઈ શકે છે. આ ગણતરી કરવામાં આવે તો ઓઈલ કંપનીઓને લિટર દીઠ રૂપિયા બેનો નફો થઈ રહ્યો છે. ક્રૂડની કિંમત ઘટી છે. રૂપિયો મજબૂત બન્યો છે. ઈન્ડિયન ક્રૂડની કિંમતમાં સપ્ટેમ્બરના પખવાડિયામાં ૩.૭૪ ડૉલર સુધીનો ઘટાડો થઈ ચૂક્યો છે. આ ગાળા દરમિયાન ભારતીય રૂપિયામાં અમેરિકી ડૉલર સામે ૧.૮૨ રૂપિયાનો વધારો થયો છે. અગાઉના પખવાડિયામાં રૂપિયાનો ભાવ ડૉલર સામે ૫૫.૪૭ હતો જે હવે ૫૩.૬૫ થયો છે. એવી શક્યતા છે કે ઓઈલ કંપનીઓ રૂપિયા બેની રાહત લોકોને આપી શકે છે. જો કે હજુ સુધી કોઈ ઘટાડો કરાયો નથી. બીજી બાજુ આની વિરુદ્ધમાં પાકિસ્તાનમાં સોમવારના દિવસે અમલી બને તે રીતે પેટ્રોલની કિંમતમાં લિટર દીઠ રૂપિયા છનો ઘટાડો કર્યો હતો. પેટ્રોલિયમ પ્લાનીંગ એન્ડ એનાલિસીસ સેલના જણાવ્યા મુજબ ૧લી ઓક્ટોબરથી ભારતીય ઓઈલ કંપનીઓ પેટ્રોલના દરેક લિટર માટે રિફાઈનરીઓને ૪૨.૬૧ રૂપિયા ચૂકવે છે. ત્યારબાદ ડિલરોને લિટર દીઠ ૪૬.૫૪માં વેચવામાં આવે છે જેમાં પરિવહન ખર્ચ અને મારજિંગનો સમાવેશ થાય છે. ત્યારબાદ દિલ્હીમાં લિટર દીઠ ૬૮.૪૬, મુંબઈમાં ૭૫.૧૫ની કિંમતે વેચવામાં આવે છે. જેમાં જુદા જુદા ટેક્સ લાગુ કરવામાં આવે છે. બીપીસીએલના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે પેટ્રોલ ઉપર ઓઈલ કંપનીઓને નફો થઈ રહ્યો છે પરંતુ કિંમતમાં ઘટાડો થઈ રહ્યો નથી. ઓઈલ કંપનીઓ વિલનની ભૂમિકામાં દેખાઈ રહી છે. કેટલીક ઓઈલ કંપનીઓ આનો બચાવ કરે છે. ઓઈલ કંપનીઓ હજુ સુધી પેટ્રોલની કિંમત ઉપર ૫૦૦૦ કરોડનું નુકસાન થયું છે જેનું વળતર સરકાર દ્વારા ચૂકવવામાં આવ્યું નથી. ઓઈલ કંપનીઓને પેટ્રોલિયમ પેદાશ ઉપર ભારે નુકસાન થઈ રહ્યું છે જેમાં કેરોસીનના વેચાણ ઉપર લિટર દીઠ ૩૩.૯૩, ડીઝલના વેચાણ પર લિટર દીઠ ૧૧.૬૫ અને સિલિન્ડર પર ૪૬૮નું નુકસાન થઈ રહ્યું છે. ઓઈલ કંપનીઓને હજુ સુધી પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન ૪૭૮૧૧ કરોડનું નુકસાન થયું છે. ફ્યુઅલ સબસીડી માટે કેન્દ્રીય બજેટમાં ફાળવાયેલા ૪૦ હજાર કરોડ કરતા વધી ગઈ છે.

મારૂતિ સુઝુકીએ તમામ કારની કિંમતમાં વધારો કર્યો

નવી દિલ્હી,તા. ૩

દેશની સૌથી મોટી કાર બનાવતી કંપની મારૂતિ સુઝુકી ઈન્ડિયાએ પણ આજે તેની તમામ કારની કિંમતમાં વધારો કર્યો હતો. તાજેતરમાં જ અન્ય કાર કંપનીઓએ પણ કારની કિંમતમાં વધારો જાહેર કર્યો હતો. મારૂતિ સુઝુકીએ તેની તમામ કારની કિંમતમાં ૫૨૫૦ સુધીનો વધારો કરવામાં આવ્યો છે. તાત્કાલિક અમલ સાથે કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે. વિદેશી હુંડિયામણમાં થઈ રહેલા ફેરફાર અને અન્ય વધતા જતા ખર્ચને ધ્યાનમાં લઈને આ મુજબનો નિર્ણય કરવામાં આવ્યો છે. કિંમતમાં સરેરાશ વધારો આશરે એક ટકા કરવામાં આવ્યો છે. ભાવ વધારો ૨૫૦૦ અને ૫૨૫૦ વચ્ચેનો છે. કંપનીના પ્રવકતાએ આજે માહિતી આપતા કહ્યું હતું કે કે કિંમતમાં વધારો તાત્કાલિક રીતે અમલી બનાવવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા મહિનામાં

મારૂતિ સુઝુકી ઈન્ડિયાના ચીફ ઓપરેટિંગ ઓફિસર મયંક પારેખે કહ્યું છે કે કંપની જુદા જુદા પરિબળોના કારણે વાહનોની કિંમતમાં વધારો કરશે. તેમણે કહ્યું હતું કે વિદેશી હુંડિયામણ પરિબળોના કારણે માર્જિન પર માઠી અસર થઈ રહી છે. કંપનીએ કહ્યું હતું કે પ્રતિકુળ ચલણ સંજોગોના કારણે માઠી અસર થઈ રહી છે. કંપની હાલમાં નવા માર્કેટની પણ શોધ કરી રહી છે. હોન્ડા, કાર્સ, જનરલ મોટર્સ અને ઓડી ઈન્ડિયાએ તાજેતરમાં જ કારની કિંમતમાં વધારો કર્યો હતો અથવા તો આ દિશામાં આગળ વધવાની જાહેરાત કરી દીધી છે. હોન્ડા કાર ઈન્ડિયાએ તેની ત્રણ કાર બ્રિયો, જજ અને સિટીમાં આશરે ૨.૬ ટકાનો વધારો કર્યો હતો. આ ભાવ વધારો પહેલી ઓક્ટોબરથી અમલી બનાવવામાં આવ્યો હતો. જનરલ મોટર્સે કહ્યું હતું કે તે પહેલી ઓક્ટોબરથી ભાવમાં વધારો કરશે. લગ્ઝરી કાર બનાવતી કંપની ઓડી દ્વારા પણ તેની ત્રણ કારની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હતો. જો કે મોટી કાર બનાવતી કંપની તાતા મોટર્સે તેની કોમ્પેક્ટ કાર ઈન્ડિકા ઈ વી-૨ની કિંમતમાં ૨૩૦૦૦ સુધીનો હાલમાં ઘટાડો કર્યો છે. હાલમાં બજારમાં ભારે મંદી પ્રવર્તી રહી છે તેવા સમયમાં કંપનીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહી છે.

વર્ષ ૨૦૧૭ સુધી મિગ-૨૭ વિમાનો તબક્કાવાર રીતે દૂર

નવી દિલ્હી, તા.૩

મિગ-૨૭ લડાયક યુદ્ધ વિમાનના એન્જિનમાં વારંવાર ઊભી થતી ખામીઓ અંગે ચિંતા વ્યક્ત કરીને ઈન્ડિયન એરફોર્સે હવે વર્ષ ૨૦૧૭ સુધી આ રશિયન બનાવટના વિમાનોને તબક્કાવાર રીતે દૂર કરવા તૈયારી કરી લીધી છે. ભારતીય હવાઈદળ હાલમાં આ વિમાનો પૈકી ૮૦ વિમાનો ઓપરેટ કરે છે. વારંવાર તેમના એન્જિનોમાં ખામી સર્જાઈ જાય છે જેથી દુર્ઘટનાઓ વધારે સર્જાય છે. આઈએએફના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે મિગ-૨૭ વિમાનોને તબક્કાવાર રીતે દૂર કરવાની અમારી યોજના છે. જેના ભાગરૂપે ઝડપથી આગળ વધવામાં આવશે. અધિકારીએ કહ્યું છે કે મિગ-૨૭ પૈકી ૮૦ વિમાનો હાલમાં પણ સર્વિસમાં છે. ૨૦૧૭ સુધી આને દૂર કરવામાં આવશે. આઈએએફ દ્વારા રાજસ્થાનમાં જોધપુર ખાતે વિમાનની બે ટૂકડી તથા પશ્ચિમ બંગાળમાં કલાઈકુંડા ખાતે પણ ટૂકડી ગોઠવવામાં આવી છે. આ વિમાનોના એન્જિનમાં સમસ્યાની ચકાસણી કરવા વ્યાપક અભ્યાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જેમાં જાણવા મળ્યું છે કે આર-૨૯ એન્જિનોમાં કેટલીક ખામીઓ છે અને આ એન્જિનમાં રહેલી ખામીઓને દૂર કરવાની બાબત ખૂબ જ મુશ્કેલ છે. અહેવાલ બાદ આઈએએફ દ્વારા તબક્કાવાર રીતે ઓપરેશનલ સર્વિસમાંથી આ વિમાનોને નિવૃત્ત કરી લેવાના નિર્ણય અંગે વિચારણા કરી રહી છે. જોધપુરમાં સ્થિત સ્ક્વેડ્રોન હિન્દુસ્તાન એરોનોટીક્સ લિમિટેડમાં અપગ્રેડ કરવામાં આવ્યા હતા. મિગ વિમાનોની સુરક્ષાને લઈને હમેશા પ્રશ્નો થતાં રહ્યા છે.

જૂની પત્નીના ટિપ્પણી પ્રશ્ને જયસ્વાલ વિરુદ્ધ કેસ દાખલ

કાનપુર, તા. ૩

જૂની પત્નીમાં મજા નથી આવતી તેવું વિવાદિત નિવેદન કરીને કેન્દ્રીય કોલસા મંત્રી શ્રી પ્રકાશ જયસ્વાલ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. કાનપુર કોર્ટમાં તેમની વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે. જેના પર ૮મીએ સુનાવણી હાથ ધરાશે. દરમ્યાન મહિલા સાંસદોએ કહ્યું છે કે તેઓ આ મુદ્દે જયસ્વાલ વિરુદ્ધ પગલાં લેવા કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને પગલાં લેવા પત્ર લખશે.અકાલી દળના સાંસદ હરસીમત કૌરે કહ્યું હતું ક, તેમનું

કોઈ માન-સન્માન કરે તેવો કોઈ એક વ્યક્તિ નથી. એ તો ઠીક કોંગ્રેસમાંથી પણ એક પણ વ્યક્તિ તેમને માનની નજરે જોતા નથી. કોંગ્રેસે તાકીદે તેમની વિરુદ્ધ પગલાં લેવા જોઈએ. એક અગ્રણી સમાચાર ચેનલ સાથે વાતચીત કરતાં જયસ્વાલે કહ્યું હતું કે, મેં ક્યારેય આવી વાત કરી નથી. મેં એમ કહ્યું હતું કે, લગ્ન જેમ જૂના થાય તેમ તેની ઉજવણી મંદ પડતી જાય છે. મારા નિવેદનને તોડવામાં આવ્યું છે. આંદોલન કરનાર લોકો મુદ્દાને રાજકીય રૂપ આપી રહ્યા છે. જો કે કોઈની લાગણી દુભાઈ હોય તો માફી માંગુ છું. પોતાના નિવેદન અંગે સ્પષ્ટતા કરતાં જયસ્વાલે કહ્યું હતું કે હું એક ઉદઘાટન સમારંભમાં ગયો હતો. ત્યારે મેં ભારતે પાકિસ્તાને ક્રિકેટ મેચમાં હાર આપી હોવાના સમાચાર સાંભળ્યા હતા. લોકો ઉજવણી કરી રહ્યા હતા ત્યારે મેં સમારંભ રોકાવીને ઉજવણી કરવાનું કહ્યું હતું. જૂની જીતની ઉજવણીમાં જેમ મજા આવતી નથી તેમ જૂના લગ્નની ઉજવણીમાં પણ મજા નથી આવતી.

અત્રે ઉલ્લેખનીય છે કે જયસ્વાલે મંચ પરથી કહ્યું હતું કે નવી નવી જીત અને નવા નવા લગ્નનું એક અલગ જ મહત્વ છે. જેમ જેમ સમય પસાર થાય તેમ જીત જૂની થતી જાય છે તેવી જ રીતે જેમ જેમ સમય પસાર થાય છે તેમ પત્ની જૂની થતી જાય છે. પછી તે મઝા આવતી નથી.

૧૫ રાજ્યોમાં ૨૨ કરોડથી વધારે વિદ્યાર્થીની ચકાસણી

નવી દિલ્હી, તા.૩

દેશમાં ૧૫ રાજ્યોમાં ત્રણ ડીને શોધી કાઢવા માટે ૨૨ કરોડ સ્કૂલી બાળકોની હવે ટૂંક સમયમાં જ ચકાસણી કરવામાં આવશે. આના માટે એક સર્વગ્રાહી અને વ્યાપક કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે. ૬થી ૧૮ વર્ષની વયના ૨૨ કરોડ વિદ્યાર્થીઓને આના હેઠળ આવરી લેવામાં આવશે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા ત્રણ ડી એટલે કે કોઈપણ પ્રકારની ઉણપ, રોગ અને વિકલાંગતાને શોધી કાઢવા માટે હજુ સુધીની સૌથી મોટી ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. કેન્દ્રીય આરોગ્ય પ્રધાન ગુલામનબી આઝાદે વર્ષ ૨૦૧૨-૧૩ માટે ૩૮૩ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. સાથે સાથે સ્કૂલ હેલ્થ પ્રોગ્રામ હાથ ધરવા બ્લોક સ્તર ઉપર અથવા તો તાલુકા સ્તરે ૨૪૧૪ ટીમોની રચના કરી છે.

ફ્લેગશીપ નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ આ કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે. સ્કૂલ હેલ્થ પ્રોગ્રામ સ્ક્રીનીંગ, હેલ્થકેર, રેફરલ મારફતે હાથ ધરવામાં આવનાર છે જેના ભાગરૂપે બાળકોમાં જુદી જુદી ખામીઓ શોધી કાઢવામાં આવશે. આંખની દૃષ્ટિ, સાંભળવાની ક્ષમતા, ડેન્ટલ ચેકઅપ, સામાન્ય ચામડીના રોગ, હાર્ટની ખામીઓ, શારીરિક વિકલાંગતા, શીખવાની શક્તિમાં વિકાર, અને વર્તનની સમસ્યા જેવી બાબતોમાં ચકાસણી કરવામાં આવશે. મળેલી માહિતી મુજબ સામાન્ય મેડીસીન કીટ આપવાની પણ હિલચાલ ચાલી રહી છે.

નિશ્ચિત કરવામાં આવેલા રોગપ્રતિકારક શક્તિ સાથે સંબંધિત કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. કેન્દ્રીય પ્રધાને કહ્યું છે કે સ્કૂલ હેલ્થ પ્રોગ્રામ તમામ ઊભી થતી તકલીફોથી બચાવશે. આશરે ૧૫ રાજ્યો આના માટે તૈયાર થઈ ચૂક્યા છે.

રેલવે વધારાની જમીનને વેચી દેવા માટે સુસજ્જ

નવી દિલ્હી, તા.૩

સરકારે નાણાંકીય કટોકટીને પહોંચી વળવાના હેતુથી તેની વધારાની જમીનને વેચી દેવાની યોજના તૈયાર કરી લીધી છે. એક અગ્રણી અગ્રેજી અખબારે માહિતી આપતા કહ્યું છે કે નાણાં મંત્રાલય દ્વારા કેબિનેટ નોંધ તૈયાર કરી લેવામાં આવી છે. વિજય કેલકર સમિતીના અહેવાલની રજૂઆત બાદ સરકારે કેબિનેટ નોંધ તૈયાર કરી લીધી હતી. કેલકર સમિતીએ તેના અહેવાલમાં જણાવ્યું હતું કે વિશાળ પ્રમાણમાં ખાલી જગ્યા સરકાર પાસે પડેલી છે. આ જમીન વેચીને જંગી આવક ઉભી કરી શકાય છે. સરકારની નાણાંકીય કટોકટીને પહોંચી વળવા માટે અનેક વિભાગો હાલમાં તમામ પ્રયાસો કરે છે. કેલકર પેનલની ભલામણ મુજબ શહેરી સેન્ટોરમાં ૧૦૦૦૦ એકર જમીનનો ઉપયોગ યોગ્ય રીતે કરી શકાય છે. આવી જ રીતે ૫૦૦૦૦ એકર જમીનનો ઉપયોગ વાણિજ્ય હેતુ માટે કરવામાં આવી શકે છે. રેલવેની હાલત હાલમાં ભારે કફોડી બનેલી છે. તમામ નાણાં કીય જરૂરીયાતોને પહોંચી વળવા માટે મુશ્કેલી નડી રહી છે. આવી સ્થિતીમાં કેલકર સમિતીએ કેટલીક મહત્વની ભલામણ કરી છે.રેલવે તંત્રની જરૂરીયાતો વધી રહી છે ત્યારે સંશોધનુ ભા કરવા માટે વિકલ્પ પર ચર્ચા થઈ રહી છે.

એટીએમની સંખ્યા બે વર્ષમાં ડબલ થવાની પ્રબળ શક્યતા

મુંબઈ, તા.૩

ભારતમાં એટીએમની સંખ્યા થોડાક સપ્તાહ પહેલાં એક લાખના આંકડાને પાર કરી ગઈ હતી. આવનાર સમયમાં અથવા તો બે વર્ષના ગાળામાં એટીએમની સંખ્યા ડબલ થઈ શકે છે. કારણ કે આમા જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા મૂડીરોકાણ વધી રહ્યું છે. નવી પોલીસી હેઠળ નવ કંપનીઓને આઉટ સોર્સિંગનું કામ સોંપવામાં આવ્યું છે જેથી ગ્રોથ રેટ વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ૨૫ વર્ષ અગાઉ એચએસબીસી દ્વારા મુંબઈમાં પ્રથમ વખત એટીએમ મશીન સ્થાપિત કરવામાં આવ્યું હતું. જાણકાર લોકોનું કહેવું છે કે આગામી બે વર્ષમાં સંખ્યા બે ઘણી થઈ જશે. આ વર્ષે જુલાઈ મહિનામાં નાણાંમંત્રાલયના આદેશ બાદ જાહેર ક્ષેત્રની બેંકો એક થઈ હતી અને એટીએમ તરફ વિશેષ ધ્યાન અપાયું હતું. એટીએમના ફેલાવાને વધારવા માટે બે પરિબળો જવાબદાર છે. જે પૈકી પ્રથમમાં એ છે કે જાહેર ક્ષેત્રની બેંકોએ મૂડીરોકાણ તરફ ધ્યાન આપ્યું છે. જેથી માંગ સતત વધી છે. બીજી બાબત એ છે કે વધી રહેલા કાર્ડના કારણે એટીએમ લેવડ દેવડમાં સતત વધારો થયો છે. ખાનગી ઈક્વિટી મૂડીરોકાણકારો હવે એટીએમ મારફતે કારોબાર કરવા લાગ્યા છે. ઈલેક્ટ્રોનીક પેમેન્ટ એન્ડ સિસ્ટમની બોલબાલા વધી છે. આગામી બે વર્ષના ગાળામાં વધુ રોકાણ થાય તેવી શક્યતા છે. એટીએમ ઈન્ડસ્ટ્રીમાં અનેકગણો વધારો થશે.

સમાચાર ઝલક

- સત્તા મળે તો ૧૦ દિવસમાં જનલોકપાલ બિલ : અરવિંદ કેજરીવાલ
- મોબાઇલના પ્રિપેઇડ ગ્રાહકોને રાહત.
- ગુજરાતમાં વર્ષ દરમિયાન ૧૨ હજાર લોકોએ ખાદીમાંથી રોજીરોટી મેળવી.
- હિંમતનગર પાસે દુર્ઘટનામાં ૫૧ પોલીસ કર્મચારીઓ ઇજાગ્રસ્ત.
- દેશમાં સૌથી ઓછા બેરોજગારો ગુજરાતમાં : મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી.
- ભારતીયોના આયુષ્યમાં ૪.૬ વર્ષનો વધારો થયો.
- તરૂણસાગર મહારાજના સાંનિધ્યમાં અમદાવાદના રાજમાર્ગો પર એક સાથે ૧૦૦૦ ગાંધીની દાંડીયાત્રા સંપન્ન.
- આવતાં સપ્તાહથી પ્રસારીત થસે નવી ટીવ ચેનલ 'નમો ટીવી' ચેનલ.
- ૧૨માં સ્થાપના દિવસનાં અવસરે બી.એસ.એન.એલ.નો ધમાકો, અનલિમિટેડ કોલ સેવા શરૂ.
- પાક. ચાંચિયા દ્વારા ૫ બોટ સાથે ૩૩ ખલાસીના અપહરણ.
- ખાનગી ક્ષેત્રમાં લાંચને ફોજદારી ગુનો ગણાશે, ઉદ્યોગકારોનું સમર્થન.
- ગોંડલ તાલુકા પંચાયતની નરેગા કચેરીમાં કૌભાંડ છૂપાવવા આગ લગાડી દેવાયાનો ચોંકાવનારો કિસ્સો.
- હોંગકોંગમાં બે નૌકાઓ ટકરાઇ જતાં ૩૬ લોકોના કરૂણ મોત.
- દરિયામાં બિછાવાયેલી ઓઇલની પાઇપલાઇનનો ખુરદો બોલાવવાની આતંકવાદીઓની મુરાદ.
- ગુવારનું વાવેતર કરનારા ખેડૂતોને રોવાનો વારો, ભાવો રૂા. ૧૧૧૦થી ઘટીને રૂા. ૨૦૦ થઇ ગયા.
- પાકિસ્તાનમાં કટ્ટરવાદીઓએ પોત પ્રકાશ્યું, હિન્દુ મંદિર પર હુમલો.
- રાજ્યમાં જનરક્ષા સોસાયટી રચવા સરકારનો નિર્ણય, મુખ્યમંત્રીની સીધી દેખરેખ રહેશે.
- દિવાળીની આતશબાજીની મતદાન હવાઇ જશે? રાજકીય પક્ષો વિસામણમાં.
- સોમનાથ મહાદેવ મંદિર પાસે લક્ષચંડી યજ્ઞ, એક લાખ ચંડીપાઠ. પાંચ કરોડના ખર્ચનો અંદાજ.

નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

- ગૂમડામાં કૃમિ થયા હોય તો તેને મારવા પારસ પીપળાનું દૂધ ચોપડવું.

- સોજામાં પારસ પીપળાની છાલને વડની છાલ સાથે તથા ઘી સાથે મેળવી ચોપડવી.

(૫) પીપળ :

સંસ્કૃતમાં પીપળના વૃક્ષને 'પ્લક્ષ' કહે છે. તેનો અર્થ થાય છે. 'જે પોતાની જટારૂપ મૂળો દ્વારા નીચે તરફ જાય છે તે...'

પ્લક્ષ ઠંડો છે. તે રક્તદોષ, રક્તપિત્ત, સોજા, ચોનિરોગ, તથા ઘા રૂઝવવામાં લાભકારી છે.

- ઘાને રૂઝવવા માટે પીપળની છાલના ઉકાળા વડે ઘાને ધોવો.

- ઝાડામાં લોહી પડતું હોય તો પીપળની છાલનાં ચૂર્ણને દૂધમાં મેળવી તેને મધ સાથે પીવું.

- માથાના ખોડાને દૂર કરવા માટે પીપળનું દૂધ ચોપડવું.

- સોજા મટાડવા માટે પીપળની છાલના ચૂર્ણને ઘી સાથે લગાવવું.

આમ, વડ, ઉંબરો, પીપળો, પારસ પીપળો તથા પીપળની છાલનો યોગ એટલે કે 'પંચવલ્કલ' રક્ત તથા પિત્તના રોગોમાં ખૂબ લાભદાયક છે. સોજાને મટાડવા માટે પંચવલ્કલના ચૂર્ણને લગાવવું તથા તેના ઉકાળાને પીવાથી ખૂબ ફાયદો થાય છે. ઘા ને રૂઝવવા તથા તેને શુધ્ધ કરવા માટે પણ પંચવલ્કલ ખૂબ ઉપયોગી છે. રક્તપિત્ત, શરીરની ગરમી, ઝાડામાંથી લોહી પડતું હોય આદિ તેમજ સ્ત્રી રોગોમાં પણ ખૂબ ફાયદાકારક છે.

પંચવલ્કલના યોગને તથા અકૌષધિઓનો વ્યક્તિની પ્રકૃતિ મુજબ ચોક્કસ માત્રામાં વિવેકપૂર્વક ઉપયોગ કરવાથી ખૂબ ફાયદાકારક સાબિત થઇ શકે.